SHREE SAHKAR EDUCATION TRUST'S

# Shree Dhanvantary Pharmacy College

(Approved by AICTE & PCI-New Delhi and Affiliated to GTU)

તા.૧૮/૦૨/૨૦૧૭





# પ્રેસનોટ

## શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ, કીમમાં "સ્પોર્ટ્સ વીક" અને વિવિધ "ડે"નું આયોજન

શ્રી સહકાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત ધનવંતરી કેમ્પસમાં શ્રી ધનવંતરી ફાર્મસી કોલેજ, શ્રી ધનવંતરી કોલેજ ઓફ ડિપ્લોમા એન્જીનીયરીંગ, શ્રી ધનવંતરી ફાર્માસ્યુટિકલ એનાલીસીસ એન્ડ રીસર્ચ સેંટર તેમજ શ્રી ધનવંતરી ઇન્ટરનેશનલ સ્કૂલ સફળતાપૂર્વક કાર્યરત છે. જેમાં KG થી ધોરણ ૯, ડિપ્લોમા એન્જીનીયરીંગ, બી.ફાર્મ., એમ.ફાર્મ., ફાર્મ. ડી. (ડોક્ટરેટ ઓફ ફાર્મસી) તેમજ પી.એચ.ડી. સુધીના અભ્યાસક્રમો કાર્યરત છે. કોલેજ કેમ્પસમાં "સ્પોર્ટ્સ વીક" અને વિવિધ "ડે"નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઘણી બધી ઈન્ડોર તેમજ આઉટડોર રમતો જેવી કે ક્રિકેટ, વોલીબોલ, ફૂટબોલ, ટેબલ ટેનીસ, ચેસ, બેડમિન્ટન, ખોખો, કબડ્ડી, લીમ્બુચમચી, દોરડાંખેચ વિગેરે રમતોની સ્પર્ધાઓ રાખવામાં આવી હતી. આ દિવસો દરમ્યાન કેમ્પસમાં વિવિધ "ડે" જેવાકે ગ્રુપ ડે, ટ્વીન્સ ડે, સીગ્નેચર ડે, ચોકલેટ ડે, રોઝ ડે, શૂટ એન્ડ સાડી ડે, ટ્રેડીશનલ ડે ની ઉજવણી કરવામાં આવી હતી. આ "સ્પોર્ટ્સ વીક" અને વિવિધ "ડે" ના અંતિમ દિવસે વિદ્યાર્થીઓ દ્વારા "ડી.જે. પાર્ટી" તેમજ "ગરબા" નું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓએ ખુબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ "સ્પોર્ટ્સ વીક" અને વિવિધ "ડે" ની બધી સ્પર્ધાઓમાં વિજેતા થનાર વિદ્યાર્થીઓને ઇનામોથી નવાજવામાં આવશે. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ફાર્મસી કોલેજના પ્રીન્સીપાલશ્રી ડૉ. એમ.એન.નૂરવી ના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવામાં કોલેજના વિદ્યાર્થીઓ, કર્મચારીઓ તેમજ ટ્રસ્ટીશ્રીઓએ ઉપસ્થિત રહી મહત્વનો ભાગ ભજવ્યો હતો.

Principal
Shree Dhanvantary Pharmacy College
Kim, Dist. SURAT.